જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૨/૦૫/૨૦૨૧ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૭૭૪/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૨/૦૫/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૪૩૭	૪	૧૧૪૪૧	૧૭૫૫૬	૪	૧૭૫૬૦
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૮	૦	૪૭૦૮	૬૨૪૩	૦	૬૨૪૩
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૭૯	૦	૭૯	૨૮૭	૦	૨૮૭
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૪૧૦૪૩	૩૭૫	૪૧૪૧૮	૪૨૦૯૧	૩૬૬	૪૨૪૫૭
કુલ		૫૭૨૬૭	૩૭૯	૫૭૬૪૬	૬૬૧૭૭	૩૭૦	૬૬૫૪૭

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૬૧	૧,૦૯,૬૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૦૦૨	૨૦,૦૨,૦૦૦/-

લુંટ/અપહરણના ગુનાના આરોપીની અટકાયતની વિગત

નરોડા પોલીસ સ્ટેશન :

“લુંટ સાથે અપહરણના ગુનાના ત્રણ આરોપીની મહેસાણાથી ધડપકડ કરતી નરોડા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પો.કમેશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા ના.પો.કમીશ્નર શ્રી ઝોન-૪ તથા મ.પો.કમીશ્નરશ્રી “જી” ડીવીઝન નાઓએ સુચના આધારે પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનેલ શરીર સબંધી તેમજ મિલકત સબંધી ગુના શોધી કાઢવા સુચના કરેલ હોય જે અનુસંધાને નરોડા પોલીસ સ્ટેશનના પોલીસ “ઇન્સ્પેક્ટરશ્રી પી.બી.ખાંભલા’ નાઓના માર્ગદર્શન હેઠળ સર્વે સ્કોડના “પો.સબ.ઇન્સ.એ.એમ.પટેલ”નાઓની સુચનાથી સર્વેલંન્સ સ્કવોડના પો.કો.વિષ્ણુભાઇ હીરાભાઇ તથા એલ.આર.વિક્રમ પ્રેમસિંહ નાઓને ખાનગી બાતમી હકિકત મળેલ કે નરોડા પોલીસ સ્ટેશન ગુ.ર.નં-પાર્ટ-એ-૧૧૧૯૧૦૩૫૨૧૦૨૭૪/૨૦૨૧ ઇ.પી.કો કલમ ૩૯૪,૩૬૫,૫૦૬(૨),૧૧૪ મુજબનો ગુન્હો દાખલ થયેલ હોય જે ગુનાના કામના આરોપીઓ હાલમાં મહેસાણા ખાતે હાજર છે જે બાતમી હકિકત આધારે મહેસાણા ખાતે જઇ તપાસ કરતાં ઉપરોક્ત ગુનાના કામના આરોપી નં.(૧) અંકુર ઉર્ફે લકી સ/ઓ કિર્તીભાઈ જાતે પટેલ ઉ.વ ૨૪ ધંધો બેકાર રહે મ.નં ૧૯ પુષ્પકબંગ્લોઝ શેલજાગ્રીન ની સામે રાધનપુર રોડ તા જી-મહેસાણા તથા નં (૨) જયેશ સ/ઓ છગનજી જાતે મકવાણા (ઠાકોર) ઉ.વ ૨૩ ધંધો છુટકમજુરી રહે રેવાપરૂ ધરમરોડ ગાયત્રીમંદિરની પાસે તા જી-મહેસાણા તથા નં (૩) ઉજજવલ સ/ઓ પ્રહલાદભાઈ જાતે રાવળ ઉ.વ ૨૩ ધંધો બેકાર રહે મ.નં બી/૩૩ સહજાનંદ સોસાયટી નાગલપુર તા.જી-મહેસાણા નાઓને પોતાના રહેઠાણ વાળી જગ્યાએથી હાજર મળી આવતાં ત્રણેય આરોપીઓને અત્રે નરોડા પોલીસ સ્ટેશન લાવી ઉપરોક્ત ગુનાના કામે તા.૦૧/૦૫/૨૦૨૧ ના કલાક ૧૦/૫૦ વાગે અટક કરી કાયદેશરની કાર્યવાહી કરી સારી કામગીરી કરેલ છે.

કામગીરી કરનાર અધિકારી / કર્મચારી :-

સર્વે.સ્વોડ પો.સ.ઇ. એ.એમ.પટેલ તથા એ.એસ.આઇ જેઠાભાઇ બહેચરભાઇ બ.નં-૮૦૩૨ તથા પો.કોન્સ પંકેશભાઇ ધનાભાઇ બ.નં. ૪૦૫૬ પો.કો.પીયુષ નટવરલાલ બ.નં.૧૦૧૭૬ તથા પો.કો. વિષ્ણુભાઇ હીરાભાઇ બ.નં-૧૩૧૮૩ તથા પ્રદીપકુમાર રામાભાઇ બ.નં.૧૦૩૬૧ તથા પો.કો.પ્રકાશભાઇ ભીખાભાઇ બ.નં.૧૧૮૦૯ તથા પો.કો.જનકભાઇ પુંજાભાઇ બ.નં.૪૬૦૬ તથા એલ.આર.પ્રવિણભાઇ વાઘાભાઇ બ.નં.૫૧૬ તથા એલ.આર. તથા એલ.આર.ધુમકેતુ આત્મારામભાઇ બ.નં.૧૨૩૨ તથા એલ.આર. મયુરધ્વજસિંહ અનિરૂધ્ધસિંહ બ.નં.૧૪૬૭ તથા એલ.આર.વિક્રમ પ્રેમસિંહ બ.નં.૧૨૪૨૨ તથા એ.આર.અભિષેક અશ્વિનકુમાર બ.નં.૭૦૦૫.

આરોપીનુ નામ –

(૧) અંકુર ઉર્ફે લકી સ/ઓ કિર્તીભાઈ જાતે પટેલ ઉ.વ ૨૪ ધંધો બેકાર રહે મ.નં ૧૯ પુષ્પકબંગ્લોઝ શેલજાગ્રીન ની સામે રાધનપુર રોડ તા જી-મહેસાણા તથા નં (૨) જયેશ સ/ઓ છગનજી જાતે મકવાણા (ઠાકોર) ઉ.વ ૨૩ ધંધો છુટકમજુરી રહે રેવાપરૂ ધરમરોડ ગાયત્રીમંદિરની પાસે તા જી-મહેસાણા તથા નં (૩) ઉજજવલ સ/ઓ પ્રહલાદભાઈ જાતે રાવળ ઉ.વ ૨૩ ધંધો બેકાર રહે મ.નં બી/૩૩ સહજાનંદ સોસાયટી નાગલપુર તા.જી-મહેસાણા.

મોબાઇલ સ્નેચીંગના ગુનાના આરોપીની અટકાયતની વિગત

નરોડા પોલીસ સ્ટેશન :

મોબાઇલ સ્નેચીંગના બે ગુનામાં સંડોવાયેલ બે આરોપીઓને મુદ્દામાલ સાથે પકડી પાડતી નરોડા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પો.કમેશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા ના.પો.કમીશ્નર શ્રી ઝોન-૪ નાઓએ મિલકત સબંધી ગુનાઓ શોધી કાઢવા તેમજ ગુના બનતા અટકાવવા સારૂ પેટ્રોલીંગ રાખવા સુચના કરેલ હોઇ જે અનુસંધાને મ.પો.કમીશ્નરશ્રી "જી" ડીવીઝન નાઓએ સુચના કરેલ હોય જે અનુસંધાને નરોડા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી પી.બી.ખાંભલા નાઓના માર્ગદર્શન હેઠળ સર્વે સ્કોડના પો.સબ.ઇન્સ.એ.એમ.પટેલ તથા માણસો પેટ્રોલીંગ હતા દરમ્યાન સાથેના પો.કોન્સ.પીયુષ નટવરલાલ તથા તથા એલ.આર ધુમકેતુ આત્મારામભાઇ નાઓની સંયુક્ત બાતમી હક્કિત આધારે નરોડા સ્મશાન ચાર રસ્તા પાસેથી નરોડા પોલીસ સ્ટેશન (૧)પાર્ટ-એ-૧૧૧૯૧૦૩૫૨૧૦૬૮૦/૨૦૨૧ ઇ.પી.કો કલમ ૩૭૯(એ)(૩),૧૧૪ તથા (૨)પાર્ટ-એ-૧૧૧૯૧૦૩૫૨૧૦૬૮૧/૨૦૨૧ ઇ.પી.કો કલમ ૩૭૯(એ)(૩),૧૧૪ મુજબના અલગ-અલગ બે ગુના નોધાયેલ જે ગુનાના કામના આરોપીઓને નરોડા સ્મશાન ચાર રસ્તા પાસેથી પકડી તેનુ નામ ઠામ પુછી અગાઉનો ગુનાહીત પોકેટ કોપમાં ચેક કરતાં જેનો ગુનાહીત ઇતીહાસ મળી આવેલ તેમજ સી.સી.ટી.વી.ફુટેજ મેચ કરી જોતા ગુનાની કબુલાત કરતાં જેના આધારે આરોપી નામે (૧) પંકજ ઉર્ફે રાજા સ/ઓફ મણીલાલ સોલંકી ઉ.વ.૨૪ રહે, ચામુંડાની ચાલી હરીઓમ ડેરી સામે રેલ્વે ફાટક પાસે નરોડા અમદાવાદ શહેર તથા (૨) સુરેશ ઉર્ફે કાન્યો સ/ઓફ ગોપાલભાઇ લુહાર ઉ.વ.૨૩ રહે, મકાન નં- ૫૪ રાજીવનગર અંબીકાનગરની બાજુમાં રેલ્વે સ્ટેશનની પાસે સરદારનગર અમદાવાદ શહેર નાની પાસેથી મળી આવેલ ઉપરોક્ત ગુનાના કામે લુંટ કરી લઇ ગયેલ મોબાઇલ (૧) વીવો કંપનીનો વાદળી કાળા કલરનો મોબાઇલ ફોન કિ રૂ, ૮૦૦૦/- ગણી શકાય તથા (૨) વીવો કંપનીનો મોબાઇલ ફોન જેની કી રૂ. ૧૩૦૦૦/- તથા બજાજ કંપનીનુ લાલ કલરનુ પલ્સર મો.સા. જેની કિરૂ, ૬૦,૦૦૦/-ગણી કુલ્લે રૂપીયા ૮૧,૦૦૦/- નાને ઉપરોક્ત બંન્ને ગુનાના કામે અટક કરી તા.૦૧/૦૫/૨૦૨૧ ના કલાક ૧૫/૩૦ વાગે મુદ્દામાલ સાથે પકડી કાયદેશરની કાર્યવાહી કરી સારી કામગીરી કરેલ છે.

મુદ્દામાલ–

(૧) વીવો કંપનીનો વાદળી કાળા કલરનો મોબાઇલ ફોન કિ રૂ, ૮૦૦૦/- ગણી શકાય (૨) વીવો કંપનીનો મોબાઇલ ફોન જેની કી રૂ. ૧૩૦૦૦/- તથા બજાજ કંપનીનુ લાલ કલરનુ પલ્સર મો.સા. જેની કિરૂ, ૬૦,૦૦૦/- ગણી કુલ્લે રૂપીયા ૮૧,૦૦૦/-નો મુદ્દામાલ

કામગીરી કરનાર અધિકારી / કર્મચારી

સર્વે.સ્વોડ પો.સ.ઇ. એ.એમ.પટેલ તથા એ.એસ.આઇ જેઠાભાઇ બહેચરભાઇ બ.નં-૮૦૩૨ તથા પો.કોન્સ પંકેશભાઇ ધનાભાઇ બ.નં. ૪૦૫૬ પો.કો.પીયુષ નટવરલાલ બ.નં.૧૦૧૭૬ તથા પો.કો. વિષ્ણુભાઇ હીરાભાઇ બ.નં-૧૩૧૮૩ તથા પ્રદીપકુમાર રામાભાઇ બ.નં.૧૦૩૬૧ તથા પો.કો.પ્રકાશભાઇ ભીખાભાઇ બ.નં.૧૧૮૦૯ તથા પો.કો.જનકભાઇ પુંજાભાઇ બ.નં.૪૬૦૬ તથા એલ.આર.પ્રવિણભાઇ વાઘાભાઇ બ.નં.૫૧૬ તથા એલ.આર. તથા એલ.આર.ધુમકેતુ આત્મારામભાઇ બ.નં.૧૨૩૨ તથા એલ.આર. મયુરધ્વજસિંહ અનિરૂધ્ધસિંહ બ.નં.૧૪૬૭ તથા એલ.આર.વિક્રમ પ્રેમસિંહ બ.નં.૧૨૪૨૨ તથા એ.આર.અભિષેક અશ્વિનકુમાર બ.નં.૭૦૦૫.

આરોપીઓના નામ

(૧) પંકજ ઉર્ફે રાજા સ/ઓફ મણીલાલ સોલંકી ઉ.વ.૨૪ રહે, ચામુંડાની ચાલી હરીઓમ ડેરી સામે રેલ્વે ફાટક પાસે નરોડા અમદાવાદ શહેર

(૨) સુરેશ ઉર્ફે કાન્યો સ/ઓફ ગોપાલભાઇ લુહાર ઉ.વ.૨૩ રહે, મકાન નં- ૫૪ રાજીવનગર અંબીકાનગરની બાજુમાં રેલ્વે સ્ટેશનની પાસે સરદારનગર અમદાવાદ શહેર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૭૭૫/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૭ કેસ કરી, ૧૪ વ્યક્તિઓને ઝડપી, ૬૦ લીટર દેશી દારૂ, ૨૮૪ બોટલ ઇંગ્લીશ દારૂ, ૯૬ ક્વોટર ઇંગ્લીશ દારૂ અને ૦૨ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી, ૦૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬,૮૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૭૭૬/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૩૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડ :- **સમાચાર યાદી નં.૭૭૭/૨૦૨૧**

ઇસનપુર : નારણભાઇ વાલજીભાઇ લગધીર (રહે.કર્ણાવતી એપાર્ટમેન્ટ, વિભાગ-૦૩, સૌરાષ્ટ પટેલ સમાજવાળીની બાજુમા, ભૈરવનાથ ઇસનપુર) એ તા.૦૧/૦૫/૨૦૨૧ ના રોજ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૬/૦૪/૨૦૨૧ ના કલાક ૨/૩૦ થી ૮/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના રસોડાની ગેલેરીમાંથી અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, મકાનમાથી ત્રણ મોબાઇલ ફોન કુલ કિંમત રૂપિયા ૪૩,૯૯૯/- મતાના ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.જે.લકુમ ચલાવે છે.

વાહન ચોરી :- **સમાચાર યાદી નં.૭૭૮/૨૦૨૧**

સોલા હાઇકોર્ટ : યોગેશકુમાર નવીનભાઇ ઠક્કર (રહે. સુરનીધી ફલેટ ભાઇકાકા નગર થલતેજ) એ તા.૦૧/૦૫/૨૦૨૧ ના રોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૩/૦૪/૨૦૨૦ રાતના ૮/૦૦ થી તા.૨૪/૦૪/૨૦૨૧ ના કલાક ૧/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ફલેટ ના પાર્કીંગમા પાર્ક કરેલ પોતાની હોંડા અમેજ કાર નંબર જીજે.૦૧.આર.વી.૫૫૨૯ કિંમત રૂપિયા ૩,૫૦,૦૦૦/- કોઇ અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.જે.હુણ ચલાવે છે.

<u>ચોથા માળેથી પડી જતાં મૃત્યુ :-</u> **<u>સમાચાર યાદી નં.૭૭૯/૨૦૨૧</u>**

વેજલપુર : દીપકભાઇ મોહનલાલ પંડ્યા (ઉ.વ.૫૬)(રહે.શ્રીનંદનગર વિભાગ-૦૪, જૈન મંદીરની પાસે, વેજલપુર) તા.૦૧/૦૫/૨૦૨૧ ના કલાક ૮/૦૦ વાગ્યા ના સુમારે પોતાના ફ્લેટના ચોથા માળે ધાબા ઉપર વોકીંગ માટે ગયેલ હતા ત્યારે તેમની પાર્કીન્સની (કંપાવતની) બીમારીના કારણે શરીરે બેલેન્સ નહી રહેતા ચોથા માળેથી નીચે પડી જતા શરીરે ગંભીર ઇજાઓ થતા સારવાર અર્થે તેમને જીવરાજ મહેતા હોસ્પિટલ ખાતે લાવતા તા.૦૧/૦૫/૨૦૨૧ ના કલાક ૯/૦૦ વાગે ફરજ પરના ડો.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી શૈલેષકુમાર ધીરુભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી